જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૮/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૧/૧૫**

## કાલુપુર રેલ્વે સ્ટેશન પર આવતા મુસાફરો તથા રાહદારીઓની નજર ચુક્વી મોબાઇલ ફોનોની ચોરી કરતા ઇસમની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપેન ભદ્રન નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓના માર્ગદશન અને સુપરવિઝન હેઠળ એમ.ઓ.બી.સ્કોડઁ ના પો.સબ.ઇન્સ શ્રી એલ.ડી.વાઘેલા તથા માણસો તા-23/08/15 ના રોજ અમદાવાદ શહેર માં પેટ્રોલીંગ દરમિયાન બાતમી આધારે બહેરામપુરા મેલડીમાતાના મંદિર પાસેથી એક ઇસમ જાકીરહુસેન યાસીનમીયા સૈયદ ઉ.વ.38 રહે.75/2370,સદભાવનાનગર ચાર માળીયા વટવા અમદાવાદ નાને મોબાઇલ ફોન નંગ 2 કુલ્લે કિં રુ 23000/ સાથે પકડી કાલુપુર પો સ્ટેશન ફ્સ્ટઁ ગુ.ર.નં. 65/15 ઇ.પી.કો.કલમ 379 તથા ભરુચ જીલ્લાના ઝઘડીયા પો સ્ટેશન ફ્સ્ટઁ ગુ.ર.નં.84/15 ઇ.પી.કો.કલમ 379 મુજ્બના ગુનાઓ શોધી કાઢેલ છે અને સદરી આરોપીને વધુ તપાસ અર્થે કાલુપુર પો સ્ટેશન સોંપેલ છે.

સદરી આરોપી મુખ્યત્વે કાલુપુર રેલ્વે સ્ટેશન તથા કાલુપુર વિસ્તાર મા આવતા મુસાફરો તથા રેલ્વે પ્લેટ્ફોમઁ પર ઉભી રહેતી ટ્રેન મા બેઠેલ મુસાફરો ના સામાનમાંથી તેમજ તેઓના ખિસ્સામાંથી તેઓની નજર ચુક્વી મોબાઇલ ફોનોની ચોરીને અંજામ આપે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)